

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ
નમાઝ
પઢનાર માટે
૩૦(ત્રીસ) ખુશ ખબર
કુર'આન અને સુન્નતની રોશનીમાં
સંકલન : અબુ તલ્હા
પ્રકાશક : અનમોલ પ્રકાશન
નડીઆદ-૩૮૭ ૦૦૧. (ગુજરાત) મો. ૯૮૯૮૦ ૮૮૨૬૬

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

આયતુલ કુરસી

અર્થ : અલ્લાહ (ઈશ્વર), જેના સિવાય કોઈ અલ્લાહ (ઈશ્વર) નથી, એ જીવંત હસ્તી છે જેણે સર્વને સંભાળી રાખ્યા છે, તેને ન ઘેન આવે છે ન તો ઉંઘ, જે કાંઈ આકાશો અને જમીનમાં છે તે એનું જ છે, કોણ છે જે તેની સમક્ષ એની પરવાનગી વિના સિફારિશ (ભલામણ) કરી શકે ? એ જાણે છે જે કંઈ એમની આગળ છે અને જે કંઈ એમની પાછળ છે, અને તેઓ તેના જ્ઞાનમાંથી કોઈ વસ્તુને જાણી નથી શકતા, તે સિવાય કે જેને તે (જણાવવા) ઈચ્છે, તેનું આસન આસ્માનો અને જમીનો પર છવાએલું છે, અને તેનું રક્ષણ તેના પર સહેજ પણ ભારરૂપ નથી, અને તે અત્યંત ઉચ્ચ અને મહાનતાવાળો છે. (સૂરે બકરહ : ૨૫૫)

આ કિતાબ તૈયાર કરવામાં જે સાથીઓએ કોઈ પણ પ્રકારનો સહકાર આપ્યો છે. અલ્લાહ તેનો બહેતર બદલો બન્ને જહાનમાં અતા કરે. આમીન.

મુદ્રક : મૂન ગ્રાફિક્સ
૨૮, કબીર કોમ્પલેક્ષ, ગંજ બજાર પાસે,
નડીઆદ - ૩૮૭ ૦૦૧. મો. ૯૮૯૮૦ ૮૮૨૬૬

બિસ્મિલ્લાહિર રહ્માનિર રહીમ

નમાઝ પઢનારાઓ માટે ૩૦(ત્રીસ) ખુશ ખબર

કુર'આન અને સુન્નતની રોશનીમાં

મુસ્લિમ બિરાદરો ! લાઈલાહ ઈલલ્લાહ અને મુહમ્મદુર રસૂલુલ્લાહિ ગવાહી આપ્યા પછી એક મુસલમાન ઉપર જે સૌથી મોટી ફરજ લાગુ થાય છે તે પાંચ વખતની નમાઝો છે. તે નમાઝ જે કુફ્ર, શિર્ક અને મોમિનબંદા દરમ્યાન ફરક અને તફાવત કરનાર છે અને ઈસ્લામ તથા કુફ્ર વચ્ચે અંતરાય છે. જેના વિશે કયામતના દિવસે સૌથી પહેલા પૂછવામાં આવશે. જે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની આંખોની ઠંડક છે, અને જે તેમના જીવનની અંતિમ પળોની વસિયત છે. તદ ઉપરાંત નમાઝ તેની પાબંદી કરનારાઓ, સાર-સંભાળ રાખનારાઓ માટે, નમાઝીઓ માટે પોતાની અંદર ખૂબ જ વિશેષતાઓ ખૂશખબરીઓ ધરાવે છે.

નમાઝની વિશેષતાઓ (ફઝીલતો) બાબત કેટલીક મહાન ખૂશ ખબરીઓ કુર'આન અને સહીહ હદીષોના હવાલા સાથે આપની સેવામાં પ્રસ્તુત છે.

ઈન્શાઅલ્લાહ આ ખૂશખબરીઓ આપની અંદર નમાઝની પાબંદીનો શોખ અને લાગણીઓ જગાડશે.

૧. નમાઝ બધા જ અમલોથી સવિશેષ (અફઝલ) અમલ છે.

હઝરત અબ્દુલ્લાહ બિન મસઉદ રઝી. કહે છે. કે મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને પૂછ્યું - કયો અમલ સૌથી અફઝલ છે ?

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એ ફરમાવ્યું‘‘અસ્સાતુ લિવક’ તિહા’’ અર્થાત્ નમાઝને તેના સમયસર અદા કરવું.

(બુખારી, મુસ્લિમ)

૨. નમાઝ બંદા અને તેના રબ વચ્ચે સંપર્ક અને માધ્યમ છે.

નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું: અર્થાત્ જ્યારે તમારામાંથી કોઈ વ્યક્તિ નમાઝ પઢે તો તે પોતાના રબથી ગૂપચૂપ વાતો કરી રહ્યો હોય છે. (બુખારી)

૩. નમાઝ દીનનો સ્તંભ છે.

આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમએ ફરમાવ્યું અર્થાત્ બધા જ કામોનો સરદાર ઈસ્લામ છે. અને તેનો સ્તંભ નમાઝ છે. (તિર્મિઝિ)

૪. નમાઝ નૂર (રોશની) છે.

નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એ ફરમાવ્યું ‘‘અસ્સલાતુ-નુરુન’’ નમાઝ નૂર (રોશની) છે. (મૂસ્લિમ)

૫. નમાઝ નિફાક (દંભ)થી છૂટકારો છે.

નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું મુનાફીકો(દંભીઓ) ઉપર ફજ્ર અને ઈશાની નમાઝોથી વધુ કોઈ નમાઝ ભારી નથી. અને જો તેમને ખબર પડી જાય કે આ બન્ને નમાઝોની અંદર શું (વિશેષતા, ફઝીલત) છે, તો તેઓ આ બન્ને નમાઝો માટે જરુર આવે. પછી ભલે ને તેઓને ગોઠણ (અથવા ઢેકાઓ) દ્વારા ઘસડાઈને કેમ ન આવવું પડે. (બુખારી, મુસ્લિમ)

૬. નમાઝ આગ (જહન્નમ) થી બચાવે છે.

નબી (સ.અ.વ.)એ ફરમાવ્યું તે વ્યક્તિ આગ (જહન્નમ)માં દાખલ નહીં થાય જે સૂર્યોદય પહેલા અને સૂર્યાસ્ત પહેલાની નમાઝ પઢતો રહ્યો હોય એટલે કે ફજ્ર અને અસ્રની નમાઝ. (મુસ્લિમ)

૭. નમાઝ બેશર્મી અને ખરાબ વાતોથી બચાવે છે.

અલ્લાહનું ફરમાન છે અર્થાત જે કિતાબ તમારી તરફ વહય (ઈલાહી સંદેશ) કરવામાં આવી છે તેને પઢો અને નમાઝ કાયમ કરો. નિઃશંક નમાઝ બે-શર્મી અને બુરાઈઓથી રોકે છે. (સૂરઃઅલ-અનકબૂત આ.નં. ૪૫)

૮. નમાઝ અગત્યના કામોમાં મદદરુપ છે.

અલ્લાહનું ફરમાન છે અર્થાત તમે લોકો સબ્ર (ધીરજ) અને નમાઝ વડે મદદ પ્રાપ્ત કરો.

(સૂર : અલ બકરહ આ. નં. ૧૫૩)

૯. જમાઅત સાથે નમાઝ પઢવી તે એકલા પઢવાથી અફઝલ વિષેશ છે.

નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એ ફરમાવ્યું જમાઅત (સમૂહ) સાથે નમાઝ પઢવી. એકલા પઢવામાં આવતી નમાઝ કરતા સતયાવીસ ગણી બેહતર (અફઝલ) છે.

(બુખારી, મુસ્લિમ)

૧૦.નમાઝી માટે ફરિશ્તાઓ રહમત અને મગફિરત (કૃપા અને માફી)ની દુઆઓ કરે છે.

નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમએ ફરમાવ્યું તમારામાંથી કોઈ વ્યક્તિ જ્યાં સુધી પોતાની નમાઝની જે તે જગ્યાએ છે જ્યાં તેણે નમાઝ પઢી છે ફરિશ્તાઓ તેના માટે દુઆઓ કરતા રહે છે. જ્યાં સુધી કે તેનુ વઝુ ન તૂટે. તેઓ કહે છે અય અલ્લાહ ! તું તેને માફ કરી દે. અય અલ્લાહ ! તું તેના પર રહમ કર. (બુખારી, મુસ્લિમ)

૧૧. ગુનાહોની માફીની ખૂશખબરી.

નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એ ફરમાવ્યું અર્થાત્ જેણે નમાઝ માટે વઝુ કર્યું અને સંપૂર્ણ વઝૂ કર્યું ત્યારબાદ ફર્ઝ નમાઝ માટે ચાલી નીકળ્યો અને લોકો અથવા જમાઅત સાથે કે મસ્જિદમાં જઈ નમાઝ પઢી તો અલ્લાહ તેના ગુનાહોને માફ કરી આપશે. (મુસ્લિમ)

૧૨. શરીર ગુનાહોથી પાક (સ્વચ્છ) થઈ જાય છે.

નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમએ ફરમાવ્યું અર્થાત : તમારો શું ખ્યાલ છે કે અગર તમારામાંથી કોઈ વ્યક્તિના દરવાજા પાસે એક નહેર વહી રહી હોય તેમાં તે દરરોજ પાંચ

વખત નહાતો હોય તો શું તેના શરીર ઉપર કોઈ જાતનો મેલ બાકી રહેશે ? સહાબહ (રઝી.) એ જવાબ આપ્યો, તેનો કોઈપણ જાતનો મેલ બાકી રહેશે નહીં. નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમએ ફરમાવ્યું બિલકુલ આજ મિસાલ (ઉદા.,દ્રષ્ટાંત) પાંચ વખતની નમાઝોની છે કે તેમના વડે અલ્લાહ તઆલા ગુનાહોને મિટાવી દે છે. (બુખારી, મુસ્લિમ)

૧૩.જન્નતમાં મિજબાનીની ખૂશખબરી.

નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એ ફરમાવ્યું જે વ્યક્તિ સવારે કે સાંજના સમયે મસ્જિદમાં જાય છે તો અલ્લાહ તેના માટે જન્નતમાં મિજબાની તૈયાર રાખે છે.

(બુખારી, મુસ્લિમ)

૧૪. મસ્જિદ તરફ જવામાં એક પગલા ઉપર એક ગુનાહ માફ થાય છે.

નબી (સ.લ.વ.)એ ફરમાવ્યું જેણે પોતાના ઘરેથી પાકી, સફાઈ કરી પછી અલ્લાહની ફર્ઝ કરેલ નમાઝોમાંથી કોઈ નમાઝ પઢે તો તેનું એક પગલું એક ગુનાહને દૂર કરે છે.(મુસ્લિમ)

૧૫. નમાઝ માટે જલદી આવનારાઓ માટે મહાન વળતરની ખૂશખબરી.

નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું અગર લોકોને ખબર પડી જાય કે અઝાન કહેવામાં અને પહેલી સફમાં નમાઝ પઢવાનો શું સવાબ (વળતર) અને વિશેષતા છે. તો તેના માટે કુર'આ અંદાઝી (પાસા ફેંકી વાત કરવી) કરવા સિવાય છૂટકો ન હોત તો તેઓ જરૂર તેના માટે કુરઅહ અંદાઝીનો માર્ગ અપનાવત અને જો તેમને ખબર પડી જાય કે નમાઝ માટે જલદી આવવામાં શુ અજો સવાબ (વળતર) રહેલો છે તો તેઓ તેના માટે જરૂર ઉતાવળ કરશે. (બુખારી, મુસ્લિમ)

૧૬. નમાઝની પ્રતિક્ષા (ઈંતેઝાર) કરનાર સદંતર નમાઝમાં જ રહેનાર ગણાશે.

નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એ ફરમાવ્યું, તમારામાંથી કોઈ વ્યક્તિ સતત નમાઝની જ હાલતમાં રહે છે. જ્યાં સુધી નમાઝ તેને રોકી રાખે છે.

તેને પોતાના ઘર પાછો ફરવા માટે રોકી રાખનાર નમાઝ જ હોય છે. (બુખારી, મુસ્લિમ)

૧૭. જેની આમીન ફરિશ્તાઓની આમીન સાથે મળી ગઈ તેના અગાઉના ગુનાહો માફ કરી દેવામાં આવે છે.

નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું જ્યારે તમારામાંથી કોઈ વ્યક્તિ આમીન પોકારે અને આકાશોમાં ફરિશતાઓ પણ આમીન સાથે થઈ જાય.(બન્નેની આમીન એક જ સમયે થઈ જાય) તો તેના અગાઉના નાના ગુનાહો માફ કરી દેવામાં આવે છે. (બુખારી, મુસ્લિમ)

૧૮. અલલાહની હીફાઝત અને અમન (સુરક્ષા,આશ્રય)ની ખૂશખબરી.

નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું, જેણે સવારની નમાઝ પઢી તે અલ્લાહની જવાબદારી અને આશ્રયમાં આવી ગયો. માટે હે આદમપુત્ર !

ધ્યાન રાખ કયાંક અલ્લાહ તઆલા તારાથી પોતાની જવાબદારીમાંથી કોઈ માંગણી ન કરી લે. (મુસ્લીમ)

૧૯. કયામતના દિવસે સંપૂર્ણ રોશનીની ખૂશ ખબરી.

નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમએ ફરમાવ્યું અંધકારમાં મસ્જીદો તરફ જનારાઓને કયામતના દિવસે સંપૂર્ણ રોશની, પ્રકાશની ખૂશખબરી આપી દો. (તિર્મીઝી, અબુદાવુદ)

૨૦. જમાઅત સાથે ફજ઼ અને અસ્રની નમાઝ પાબંદી સાથે પઢનારાઓ માટે જન્નતની ખૂશખબરી.

નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું જે વ્યક્તિ બે ઠંડી નમાઝો એટલે કે ફજ઼ અને અસ્ર પઢતો રહ્યો તે જન્નતમાં દાખલ થશે. (બુખારી, મુસ્લિમ)

૨૧. પુલ -સીરાત પાર કરી જન્નતમાં પહોંચવાની ખૂશખબરી.

નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું મસ્જીદ દરેક મુત્તકિ અને પરહેઝગારનું ઘર છે અને તે વ્યક્તિ માટે જેનું ઘર મસ્જિદ હોય અલ્લાહતઆલા રાહત અને રહેમત અને પુલ-સિરાત પાર કરી અલ્લાહની પ્રસન્નતા એટલે કે જન્નતમાં પહોંચવાનું વચન આપ્યું છે. (તબરાની, અલ્લાહમહ અલ્બાનીએ આ હદીષને સહી ગણી છે.)

૨૨.નમાઝ તેની પાબંદી કરનારા માટે કયામતના દિવસે મુક્તિ છૂટકારાનું કારણ બનશે.

નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ એ નમાઝનું વર્ણન કરતા ફરમાવ્યું, જેણે નમાઝની હિફાઝત, જાળવણી કરી તેના માટે નમાઝ કયામતના દિવસે પ્રકાશ, દલીલ અને નજાત (મુક્તિ)નું કારણ હશે અને જેણે તેની પાબંદી ન કરી તેના માટે કોઈ જાતનો પ્રકાશ, દલીલ કે બચવાનું કારણ હશે નહીં. અને તે કયામતના દિવસે કારૂન, ફિરોન, હામાન અને ઉબયઈબ્ને ખલફની સાથે હશે. (મુસ્નદઅહમદ, દારમી)

૨૩.નમાઝ ગુનાહોનું વળતર છે.

નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું પાંચ સમયની નમાઝો, એક જુમ્અહથી બીજી જુમ્અહ અને એક રમઝાનથી બીજા રમઝાન તેમના દરમ્યાન થનારા ગુનાહો માટે કફ્ફારો (માફી) છે. સિવાય કે કબીરા ગુનાહો (મોટા ગુનાહો) આચરવામાં ન આવ્યા હોય (મુસ્લિમ)

૨૪. નમાઝ નબી (સ.અ.વ.)ની સાથે જન્નતમાં જવાનું એક મોટું કારણ છે.

હઝરત રબીઅહ બિન અસ્લમી (રઝિ.) કહે છે કે હું નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની સાથે રાત પસાર કરતો હતો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના વઝુ માટે પાણી લઈ આવતો અને આપની જરુરીયાતોને પૂરી કરતો હતો. (એક વેળાએ) આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ મને કહ્યું, માંગો ! તો મેં કહ્યું, હું જન્નતમાં આપની સાથે રહેવા માંગું છું. નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું
આના સિવાય કોઈ બીજી માંગણી છે ? મેં કહ્યું ફક્ત આ જ માંગણી છે. તો નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એ ફરમાવ્યું વધુમાં વધુ નફલી નમાઝો વડે તમારી જાત ઉપર મારી મદદ કરો. (મુસ્લિમ)

૨૫. બે નમાઝો વચ્ચે થનારા ગુનાહો અલ્લાહ માફ કરી આપે છે.

નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લામએ ફરમાવ્યું જે મુસલમાન વ્યક્તિ વુઝુ કરે છે અને ખુબ સારી રીતે વુઝુ કરે છે ત્યારબાદ કોઈ નમાઝ અદા કરે છે તો અલ્લાહતઆલા તેની

આ નમાઝ અને તેના પછીની નમાઝ દરમ્યાન થનારા ગુનાહોને માફ કરી દે છે. (મુસ્લીમ)

૨૬. નમાઝ પઢનારના વિતેલા ગુનાહો માફ કરી દેવામાં આવે છે.

નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું જે મુસલમાન વ્યક્તિ કોઈ ફર્ઝ નમાઝને પ્રાપ્ત કરે છે. પછી તેના માટે ખૂબ જ સારી રીતે વઝુ કરે છે અને તે નમાઝ પઢવામાં ખૂબ જ આજીજી, દિલગીરી વ્યક્ત કરે છે તો આ નમાઝ તેના પાછલા ગુનાહોનો બદલો બની જાય છે. જ્યાં સુધી કે તે કબીરા ગુનાહો ન કરે અને આ સીલસીલો આખી જિંદગી સુધી ચાલુ રહે છે. (મુસ્લિમ)

૨૭. નમાઝની રાહ જોવી અલ્લાહની સરહદોની પહેરેદારી કરવા બરાબર છે.

નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું શું હું તમને તે વસ્તુ બાબત માહિતી ન આપું જેના વડે અલ્લાહ ભૂલોને માફ કરે છે અને દરજ્જાઓને વધારે છે. સહાબાહ (રઝી.) એ કહ્યું હે અલ્લાહના રસૂલ કેમ નહીં ? જરૂર બતાવો ? નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું ઠંડી કે

બીમારીમાં, તકલીફ અને અણગમો હોવા છતાં પૂરેપૂરું વઝુ કરવું. મસ્જીદો તરફ વધુને વધુ જવું અને એક નમાઝ પછી બીજી નમાઝની રાહ જોવી. આ જ અલ્લાહના સીમાડાઓ છે. આ જ અલ્લાહની સરહદો છે. (મુસ્લિમ)

૨૮. નમાઝ માટે જવું મુહરીમ (હાજી)ના સવાબ બરાબર છે.

રસૂલસુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ. એ ફરમાવ્યું જે માણસ પોતાના ઘરેથી વુઝુ કરી કોઈ ફર્ઝ નમાઝ માટે નીકળ્યો તો તેનો સવાબ એહરામ ધારણ કરેલ હાજીના સવાબ જેટલો છે. અને જે માણસ ચાશ્તની નમાઝ માટે નીકળ્યો અને તેને આ જ નમાઝ થકવી દે છે તો તેનું સવાબ ઉમરાહ કરનારના સવાબ બરાબર છે અને એક નમાઝ પછી બીજી નમાઝ પઢવા દરમ્યાન કોઈ ખરાબ કામ ન કર્યું તો આવો માણસ ઈલ્લીયીન (નેક લોકોના રૂહનું રજીસ્ટર)માં લખી લેવામાં આવે છે. (અબુદાઉદ)

૨૯. જે મારી નમાઝથી (સંજોગોવસાત) પાછળ રહી ગયો પરંતુ તે (કાયમી) નમાઝીઓ માંથી છે તો તેના માટે જમાઅતમાં હાજર રહેનારાઓ બરાબર સવાબ છે.

નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું જે વ્યક્તિએ વઝુ કર્યું અને ખૂબ જ સારી રીતે વઝૂ કર્યું પછી નમાઝ માટે નીકળ્યો અને લોકોને એવી હાલતમાં જોયા કે તેઓ નમાઝ પઢી ચૂક્યા હતા તો અલ્લાહતઆલા તેને તે લોકો બરાબર બદલો અને સવાબ આપશે. જેમણે તે નમાઝ જમાઅત સાથે પઢી છે. અને તેનાથી તેમના બદલા કે સવાબમાં કોઈપણ જાતની કમી કરવામાં આવશે નહીં. (સહીહ અબુદાવુદ)

૩૦. જ્યારે માણસ વઝુ સાથે નમાઝ પઢવા માટે નીકળે છે તો તે પાછો ફરવા સુધી નમાઝની હાલતમાં ગણાય છે.

રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એ ફરમાવ્યું જ્યારે તમારામાંથી કોઈ વ્યક્તિ પોતાના ઘરમાં વઝુ કર્યા પછી મસ્જીદમાં આવે તો તે પાછા ફરવા સુધી નમાઝની હાલતમાં હોય છે, માટે તેને જોઈએ કે તે આ જાતનું કોઈ કામ ન કરે.

પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ પોતાના એક હાથની આંગળીઓને બીજા હાથની આંગળીઅને દાખલ કરી (એટલે કે કોઈ બેહુદુ ખરાબ કામ ન કરે)

(સહીહ ઈબ્ને ખુઝેમહ)